

## સુપ્રભાતમ્
સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*ઘડાવે ચાંચુડી કાયદા એરણે, વારણાં ભરે છે,*
*સંકુચિત સ્વાર્થ માટે નેતાઓ, વામણાં ઠરે છે,*
*ખોદે ખામણાં મત-બેન્કનાં, ભૂલે ભાવના ત્યાગની -*
*હવે તો 'સુપ્રીમ' સામેય આંખ-મિંચામણાં કરે છે...*
*(કાવેરી પ્રશ્ને ઠાગાઠૈયા)*

**હાઈકુ**

*માઈ ભક્તોની*
*ખાણી-પીણીના સ્ટોલે*
*દેખાય ભક્તિ*
*(નવ-રાત્રિ ભજાર)*

*હોવું જરૂરી,*
*સ્વચ્છતાગ્રહ માટે -*
*ચારિત્ર્ય બળ...*
*(ગાંધીજી જેવું)*

### ચિંતન

**અવ્યાકરણ મધીતં ભિન્ન દ્રોણ્યાતરંગિણી તરણમ્ ।**
**ભેષજ મપથ્યસહિતં ત્રિયમિદ્મકૃતં વરં ન કૃતં ॥**

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા પ્રકરણ 'સામાન્યનીતિ' નો આ શ્લોક છે :

વ્યાકરણ ભણ્યા વિનાનું અધ્યન કોઈ વિષય-ભાષા ને જાણવી હોય તો તેનું વ્યાકરણ પ્રથમ જાણવું પડે (આજે અન્ય રાજયના અધિકારીઓ અને અંગ્રેજી મીડિયમના વિદ્યાર્થીઓ કોઈ પણ જાતિ નર-નારી-નપુંશકમાં કોઈ ભેદભાવ રાખતા નથી), આ વ્યાકરણ જાણવાનો અભાવ છે.

હોડીમાં તિરાડ-છિદ્ર કે નુકસાન હોય છતાં એવી નાવથી નદી તરવી એમાં જીવનું જોખમ જ રહેલું છે.

બિમારીમાં કે તંદુરસ્તી માટે દવા કરતી વખતે (ખાસ કરીને 'આયુર્વેદિક') ત્યારે દવાની સાથે શું ખાવું - ન ખાવુંની ખાસ સંભાળ રાખવી જોઈએ (ચરી પાડવી), વૈદ્ય-ડૉકટરની દવા લઈ મરજી મુજબ શરીરને અનુકૂળ ન હોય એવો ખોરાક લઈ 'દવા' ખાવાનો કોઈ અર્થ નથી - એના કરતાં દવા ખાધા વિના જ... (પ્રયાણ કરવું...)

### સુવિચાર

- તમારા મૃત્યુ બાદ તમારે ભૂલાઈ જવું ના હોય તો કાં વાંચવા જેવું લખો અથવા તો લખવા જેવું કામ કરો - **ફ્રેંકલીન**
- અનુભવ શાળાના શિક્ષકો કરતાં ઉત્તમ છે, માત્ર એ અનુભવ કરવામાં ફી બહુ ઊંચી ચૂકવવી પડે છે - **કાર્લાઈલ**
- નિરાશા એ ડહાપણની પરિચારીકા છે - **અખંડ આનંદ**
- કાર્યાન્વિત સત્ય એટલે ન્યાય - **ડિઝરાયેલી**
- કસોટીની ઘડી આપણને ઘડતી નથી પણ આપણી અંદરના દૈવતને પ્રગટ કરે છે - **એસ. ભટ્ટાચાર્ય**
- ભયને કારણે આપણે સમાધાન ન કરીએ, એવી રીતે સમાધાન કરવાથી પણ ન ડરીએ - **જહોન એફ કેનેડી**
- માણસના સાચા સ્વભાવ અને લાગણીનાં દર્શન એની માંદગી વખતે થાય છે - **જ્યોતીન્દ્ર દવે**
- આજનું ઔષધ : ગરમીથી થતાં માથાના દુઃખાવામાં દૂધીના છીણને રૂમાલમાં લઈ બાંધી રાખવાથી માથું દુઃખતું બંધ થાય છે.

**(સંકલન : દિપક વી. આસરા)**

### બોધકથા

આજકાલ લગ્નનો ચાંદલો, જન્મ દિવસની ભેટ કે લગ્નતિથિ વ્યવહાર, બધા સંબંધોમાં - લાગણી-પ્રેમના પ્રતિક જેવી ભેટમાં પણ સ્વાર્થ-વહેવાર-વેપાર સ્વાર્થ ઘૂસી ગયો છે.

વહેવાર-ભેટ આપતાં પહેલાં જૂના ચોપડા કે યાદશક્તિ ચૂંથાય - એણે શું દીધું'તું? પ્રેમમાં હિસાબ-કિતાબ ન હોય! જુનૈદ ધર્મગુરુ હતા. એક હજામની શ્રદ્ધા વિશે એણે સાંભળ્યું હતું. વેશપલ્ટો કરી ભિક્ષુક તરીકે એ હજામની દુકાને વાળ કપાવવા હતા. એક અમીરનો વારો આવતો હતો છતાં એની રજા લઈ પહેલાં આ ભિક્ષુકને લઈ લેવાની રજા માગી કહ્યું એને ધંધે જવાનું મોડું ન થાય ને!

જુનૈદે વાળ કપાવી લીધા પછી કહ્યું, મારી પાસે પૈસા નથી. હજામ કહે કંઈ વાંધો નહીં. લે આ થોડા દિનાર તને ઉપયોગી થશે... જુનૈદે નક્કી કર્યું આજે સાંજ સુધીની આવક હું આ હજામને જ આપીશ.

સાંજે જુનૈદ પાછા આવ્યા. ધર્માચાર્ય તરીકે પોતાનો પરિચય આપી દિનાર ભરેલી કોથળી હજામના ગલ્લામાં ઠલવી. હજામ કહે - બાબા! તમે તો ધર્મગુરુ છો - પ્રેમમાં બદલો વાળવાની, કે હિસાબ રાખવી વાત જ કયાં આવે છે?!

# વન્યજીવોના સંરક્ષણની જવાબદારી સરકાર અને સમાજની સહિયારી છે

એકી સાથે ગાંધી-સપ્તાહ, નવરાત્રી અને વન્યજીવન સંરક્ષણ સપ્તાહનો ત્રિવેણીસંગમ રચાયો છે. વન્યજીવો પ્રત્યે આપણે કેટલા ક્રૂર અને બેદરકાર છીએ તેનાં ઢગલાબંધ ઉદાહરણ આપી શકાય એમ છે. થોડા સમય અગાઉ ખેત ઉત્પાદનોને ભારે નુકશાન પહોંચાડતી નીલગાયોને ઠાર મારવાનું અભિયાન ચાલ્યું હતું, જેમાં કેન્દ્ર સરકારે આપેલ મંજૂરી વિશે ઘણા બધા પર્યાવરમવાદીઓએ ટીકા પિપ્પણ કરેલી. શાર્પશૂટરોને - કહેવું હોય તો કહી શકાય કે શિકારીઓને મોટી રકમ ચૂકવીને બિહારના સ્ટેટ હાઈવે પર રીતસર નીલગાયોનાં ટોળાંનો સોથ વાળી દેવાયો હોવાના એ સમાચારો ટીવી ચેનલો અને અખબારોમાં પણ ચમક્યા હતા. વન્યજીવોને જીવવાનો અધિકાર જ ન હોય એમ કાળા માથાનો માનવી યુગોથી એમનો શિકાર કરતો રહ્યો છે. વાઘ અને સિંહ જેવાં હિંસક પ્રાણીઓનો શિકાર કરવો અને એ શિકાર પર પગ અને બંદૂક ટેકવી ઉન્નત મસ્તકે ફોટા પડાવવા એ રાજા મહારાજાઓ, નવાબો અને જાગીરદારોનો 'શોખ' હતો. આ શોખ આઝાદી પૂર્વે અને એ પછી વન્યજીવ સંરક્ષણ અંગે જાગૃતિ આવ્યા બાદ પણ યથાવત જ રહેવા પામ્યો છે. કહેવાતાં અભ્યારણ્યોમાં શિકારીઓ બેધડક શિકાર કરતા રહે છે. એમાં પણ ગેંડા, હાથી, વાઘ, દીપડા જેવાં પ્રાણીઓના નખ કે ચામડી અને શિંગડાની આંતરરાષ્ટ્રીય બજારમાં ભારે કિંમત ઊપજતી હોઈ આ ધંધો ખુદ સરકારી તંત્રની રહેમનજર હેઠળ ધમધોકાર ચાલતો રહે છે. આવા અનેક કિસ્સા છાપે ચડે છે, એ વિશે કેસ પણ થાય છે પણ પરિમામ તો શિકારીઓની તરફેણમાં જ આવે છે. છેલ્લે સલમાન સામે ચાલતા કેસમાં શું થયું થે સર્વવિદિત છે. કાળિયારના શિકારમાં એની સીધી સંડોવણી પુરવાર થઈ શકે એમ નથી, પરંતુ પૈસા અને વગના જોરે સાક્ષીઓને પોડી નાખીને સલમાન સહિત એ નિર્દોષ પ્રાણીઓના લોહીનાં તપસ્યા સિનેજગતનાં નટ-નટીઓને નિર્દોષ ઠરાવી દેવાયાં છે. મૂળે માનવી વિશ્વનું સૌથી ખતરનાક અને ક્રૂર પ્રાણી છે. બાકીની સમસ્ત જીવસૃષ્ટિને એ પોતાની અસ્કામત માનીને ચાલે છે. એણે પ્રાણીઓનો શિકાર કરવાનો અધિકાર જાણે ઈશ્વર પાસેથી મેળવ્યો હોય એમ કેટલાક ધર્મગ્રંથો પણ એની તરફેણમાં જ રહેતા આવ્યા છે. બલિપ્રથા એવા જ ક્રૂર અભિગમનો ભાગ છે. પરંતુ કુદરતે જે જીવસૃષ્ટિ સરજી છે તે જીવનની પોષણકડી સ્વરુપે સર્જેલી છે, એટલી સમજણ કેળવી શકાય તો માનવી કોઈ નિર્દોષ પ્રાણીની હત્યા કરવાનું દુઃસાહસ નહીં કરી શકે. હકીકતમાં માણસની માણસાઈ તો જીવ માત્રને જીવવામાં મદદરુપ થવામાં જ પડેલી છે. પરંતુ માણસ પોતાની રાક્ષસી તાકાતનું પ્રદર્શન કરવા મરઘાં - માછલાં અને સસલાંથી લઈ વાઘ-સિંહ સુધીનાં પ્રાણીઓની ક્રૂર કતલ કરતો રહ્યો છે અને રાક્ષસી હિંસકવૃત્તિને પોષતો રહ્યો છે. અત્યારે તો ઘણા બધા વન્યજીવોનું અસ્તિત્વ જોખમમાં આવી પડ્યું છે. મેનકા ગાંધી જેવાં પર્યાવરણવાસીઓ વારંવાર આ મુદ્દે પોકાર પાડી પાડીને કહેતા રહે છે કે માણસે પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવું હશે તો એણે બાકીની જીવસૃષ્ટિ પ્રત્યે સહાનુભૂતિભર્યું વલણ દાખવવું પડશે. 'જીવો જીવસ્ય જીવનમ્' - એ ઉક્તિ સાચી હોય તો પણ માણસમાં રહેલ પાશવી વૃત્તિને જ પોષનારી છે. અહિંસાના ઉપાસકોએ યુગે યુગે અહાલેક

**તંત્રીસ્થાનેથી...**

જગાવ્યા છતાં માનવી એની પાશવી વૃત્તિઓ ત્યજી શક્યો નથી, તે જ શું સૂચક નથી ? આપણે કતલખાનાં તો બંધ નથી કરવી શકતા પરંતુ ગેરકાયદેસર શિકાર પર જરુર અંકુશ લાવી શકીએ. વન્યજીવ સંરક્ષણ સપ્તાહની ઉજવણી કેવળ કર્મકાંડ ન બની રહે તે જોવાની સરકાર અને પ્રબુદ્ધ સમાજની સહિયારી ફરજ છે.

# સૃષ્ટિતણું સનાતન રસાયણ : ગાંધી



**ક્ષણના ચણીબોર**
વી. એસ. ગઢવી

પ્રાર્થનાનો ક્રમ જીવનભર જાળવનાર ગઈ સદીના તથા આવનારી અગણિત સદીઓના મહામાનવે જીવનના છેલ્લા દિવસે પણ પ્રાર્થનાનો ક્રમ બરાબર જાળવ્યો. પોતે ઊઠ્યા અને મનુબહેનને પણ ઉઠાડ્યા. સવારના પહોરમાંજ મનુબહેનને મહાત્માની સૂચના મળી :

''આજે મારે થાકે ન થાકે છતાંયે હો માનવી ન લેજે વિસામો'' એ ભજન સાંભળવું છે. આપણાં ભજનો—સંતોની વાણીની અવિરત અમૃતધારામાં ગાંધી નામના આ યુગપુરુષને કેટલી શ્રધ્ધા હશે ! નિત્યક્રમમાં અસાધારણ નિયમિતતા જાણે એમનીજ. સવારના પહોરમાં બંગાળીનો પાઠ પણ કર્યો. જીવનમાં જેને નિરંતર નૂતન દર્શન કરવું હોય તેણે પોતાની વિદ્યાર્થીવૃત્તિને મરવા દેવી જોઈએ નહિ તેનો સંદેશ બાપુના આવા રૂટીનમાંથી સહેજે પ્રગટે છે. સાંજની પ્રાર્થના સભા પહેલા બાપુ સરદાર સાહેબ સાથે તન્મયતાથી વાતો કરતા હતા. આથી પ્રાર્થનામાં જવામાં થોડો વિલંબ થયો. આ વાતનો અણગમો પણ સ્પષ્ટ શબ્દોમાં ગાંધીજીએ વ્યક્ત કર્યો તેમ મનુબહેન પોતાની નોંધમાં ટપકાવે છે. આ મહાપુરુષના જીવનના છેલ્લા દિવસોની વ્યસ્તતા તથા વ્યગ્રતાની અસામાન્ય વાતો મનુબહેન ગાંધી થકી આપણે મેળવી શક્યા. મનુબહેનના આ લખાણોને મોરારજીભાઈએ ઉચિત રીતે બીરદાવ્યા છે. બીજી ઓક્ટોબર-૧૮૬૯ ના દિવસે જગતમાં આવેલા ગાંધી ૩૦મી જાન્યુઆરી-૧૯૪૮ ના દિવસે મહાપ્રયાણ કરી ગયા. જો કે ગાંધી વિચાર સૂર્ય—ચંદ્રના પ્રકાશની જેમ આવનારા તમામ કાળમાં અનેક લોકોને માર્ગદર્શક અને પોષક બની રહેશે. કવિ જયંત પાઠકે ગાંધી અને તેમના વિચારોને સૃષ્ટિનું સનાતન રસાયણ કહ્યા છે તે કવિનું સત્ય દર્શન છે.

ગયા ગાંધી તમે !
ના, ના, તમે તો નવજીવન
કલેશથી કલાન્ત સૃષ્ટિનું
રસાયણ સનાતન.

ગાંધીજીના વિરાટ તથા ભાતીગળ વ્યક્તિત્વના અનેક પાસા હતા. ગાંધીજીને જેમણે હસતા જોયા નથી તેમણે ગાંધીજીને પૂરા ઓળખ્યા નથી તેવું પંડિત નહેરુજીનું કથન ગાંધી—વ્યક્તિત્વના હળવાશના પાસાનો નિર્દેશ કરે છે. જ્યારે તક મળે ત્યારે વિનોદ કરવાની વૃત્તિ પણ ગાંધીમાં પ્રબળ હતી. ૧૯૩૮ નો હરિપુરા કોંગ્રેસનું અધિવેશન થયું ત્યારનો એક પ્રસંગ શ્રી અમૃતલાલ વેગડે આલેખ્યો છે. બાપુને શાંતિનિકેતનવાળા પ્રસિધ્ધ ચિત્રકાર નંદલાલ બસુ પ્રિય હતા. બાપુ નંદબાબુને સર્જનાત્મક કલાકાર ગણાવતા હતા. હરિપુરા આવવા માટે બાપુએ નંદબાબુને આગ્રહ કર્યો. નંદબાબુ સ્વસ્થ ન હતા છતાં ગાંધીજીના આગ્રહને કારણે આવ્યા. બાપુ તેમને આગ્રહ કરીને તિથલ (વલસાડ) લઈ ગયા. તિથલના દરિયાકાંઠે નંદબાબુ તેમના ચંપલ ઉતારીને ભીની તથા સુંવાળી રેતીના સ્પર્શની અનુભૂતિ કરતા દૂર સુધી ફરવા જતા રહ્યા. નંદબાબુ પાછા આવીને ચંપલને શોધે છે. તે સમયે તેઓ જુએ છે તો બાપુ તેમના ચંપલની જાગૃત ચોકીદારી કરતા ખડા છે ! નંદબાબુને પાછા આવેલા જોઈ બાપુએ એજ મુક્તહાસ્ય કરીને કહ્યું : ''હું જાણતો હતો કે આ તારાં ચંપલ છે. હું એમ ઈચ્છતો નહોતો કે કોઈ કૂતરું આવીને તારું એક ચંપલ લઈ જાય અને બીજું ચંપલ નિસાસા નાખતું પડ્યું રહે !'' બાપુની વાત સાંભળી નંદબાબુ તાજુબ થઈ ગયા તથા આ ઘટના પછી કેટલાયે દિવસ ચંપલ પહેરી ન શક્યા. હરિપુરા અધિવેશનમાં પણ બાપુએ નંદબાબુને પોતાની કુટીર પાસેજ ઉતારો અપાવ્યો. બાપુના દર્શન કરવા આદિવાસી મહીલાઓનું એક ટોળું બાપુની કુટીરમાં આવ્યું. ગાંધીજીને વિનોદ સૂઝ્યો. એમણે મળવા આવેલી બહેનોને કહ્યું : ''જુઓ, સામે પેલી ઝૂંપડીમાં બંગાળના એક મોટા મહાત્મા ઉતરેલા છે. એમના દર્શન કરતા જજો.'' મહીલાઓ આશીર્વાદ લેવા માટે નંદલાલ બસુના ઉતારે ટોળે વળી. નંદબાબુની મુંઝવણનો પાર નહિ. તેઓ કંઈ સમજી પણ ન શક્યા. પાછળથી ગાંધીજીએ હસતા હસતા રહસ્યસ્ફોટ કર્યો ત્યારે બાપડા નંદબાબુને બાપુના આ કાવતરાની જાણ થઈ. જીવનની રસિકતા તેમજ પવિત્રતા બન્નેને સમાંતરે ટકાવી રાખે તેવા બાપુ સર્વગુણ સંપન્ન હતા. શાયર શેખાદમ આબુવાલાએ આ

અનુસંધાન પાના નં. ૭ પર

# રમતાં-રમતાં લડી પડે ભૈ, માણસ છે, હસતાં-હસતાં રડી પડે ભૈ, માણસ છે



**વિચારયાત્રા**
ડો. જય ઓઝા

માણસને કદી માણસ વિના ચાલ્યું નથી, એ લડતો હોય ઝઘડતો હોય, બોલતો હોય, બબડતો હોય, છતાં માણસને માણસનો સહવાસ આવશ્યક છે, અનિવાર્ય છે. જયંતપાઠકો માણસની વિભાવના આપી છે તે જોઈએ તો -

રમતા-રમતા લડી પડે ભૈ, માણસ છે,
હસતા-હસતા રડી પડે ભૈ, માણસ છે.
પહાડથી યે કઠણ મક્કમ માણસ છે,
દડ દડ દડ દડી પડે ભૈ માણસ છે.
ચંદર ઉપર ચાલે ચપ-ચપ માણસ છે,
ને બે ડગલે ખડી પડે ભૈ માણસ છે.

તમને ખબર છે ચિન્ટુ અન પિન્ટુ જ કિટ્ટા-બુચ્ચા નથી કરતા, ચીમનભાઈ અને પિનાકીનભાઈ પણ કિટ્ટા-બુચ્ચા કરતા હોય છે.

આત્મીય સંબંધો બાંધવાની સત્તા કુદરતે આપણને સોંપી છે. આ પ્રકારના સંબંધ બાંધવાનો, તેને સાચવવાનો અને તેને આગળ ધપાવવાનો ક્રમ એ આપણા સ્વભાવ ઉપર નિર્ભર કરે છે. આમ જોવા જઈએ તો મોટાભાગના સંબંધો આપણી ઉંમરના તકાજારૂપે હોય છે. બાલ્યાવસ્થા, યુવાવસ્થા અને પ્રૌઢાવસ્થા પ્રમાણે સંબંધોના પ્રકાર, તેનું ચિત્ર અને તેના સમીકરણ બદલાતા રહે છે. બાલ્યાવસ્થામાં જે આપણો લંગોટીયો મિત્ર હોય, તે જ વ્યક્તિ સાથે યુવાસ્થામાં એટલી નિટકતા ન પણ હોય, અથવા યુવાવસ્થામાં કૉલેજમાં અથવા નોકરી ધંધામાં થયેલ પરિચય અને તે વખતના સમીકરણ વૃદ્ધાવસ્થામાં બદલાઈ પણ ગયા હોય. આ શક્ય છે, સ્વાભાવિક છે.

પરંતુ આ આખી યાત્રામાં એવો ઘણો વ્યક્તિ સાથે તમારો ભેટો થઈ જાય છે, જે આપણા જીવન પર ઊંડો પ્રભાવ પાડે છે, અને આપણા જીવનમાં મહત્ત્વનું સ્થાન પ્રાપ્ત કરી લે છે. આ વ્યક્તિ કયારે, કયાં સમયે કઈ જગ્યાએ મળશે તેની આપણને કલ્પના પણ નથી હોતી, પરંતુ એકવાર મળ્યા પછી આજીવન એ સંબંધ મહેકતો રહે છે. લગ્ન એ આનું શ્રેષ્ઠ દૃષ્ટાંત છે.

આ પ્રકારનો સંબંધ મિત્ર સાથે સંભવી શકે, પાડોશી સાથે સંભવી શકે, અથવા ટ્રેનમાં સહપ્રવાસી સાથે પણ સંભવી શકે. ત્રણ કલાકની મુસાફરી દરમિયાન મળેલ વ્યક્તિ જીવનભરના સફરમાં પણ સહપ્રવાસી બની જાય.

ઉ.દા. તરીકે અમદાવાદથી મુંબઈ ટ્રેનમાં જતા હોઈએ અને સાથે બાજુની સીટમાં રમેશભાઈ બેઠા હોય, પરિચયનો આરંભ અડધી ચાના વિવેકથી થાય અને પછી વડોદરાનો લીલો ચેવડો તમે એને ઑફર કરો. સુરતનું ભૂસું એ તમને ખવડાવે અને મુંબઈ આવતા સુધીમાં તો રમેશભાઈ સાથે તમારો જન્મજન્માંતરનો સંબંધ હોય તેમ એક-બેકના સરનામાની સાથે હૃદયની આપ-લે થાય અને છૂટા પડીએ. કસોટી હવે શરુ થાય છે!

આ સંબંધને જો તમારે આગળ ધપાવવો હોય તો તમારે રમેશભાઈના સંપર્કમાં રહેવું પડશે, કોઈ પણ સંબંધ સાચવવાની આ પૂર્વશરત છે. કારણ કે 'જો નજરો સે દૂર વો દિલ સે દૂર.'

ઘણીવાર એવું બને કે આપણી કોઈ મુશ્કેલીમાં કે ખુશીમાં સગા-સંબંધી કરતાં આ વ્યક્તિ તરત યાદ આવે છે, આનું કારણ એ છે કે એક પડોશી અથવા મિત્ર કે જેની સાથે હૃદયથી જોડાયેલા છો, તે તમારી સમીપ છે, તમારી રોજેરોજની ઘટમાળથી પરિચિય છે, કૉલેજમાં ફર્સ્ટકલાસનું રિઝલ્ટ લઈને આવો ત્યારે તમારા સુખમાં એ સહભાગી થાય છે, કારણ તે જ મિત્ર પરીક્ષા વખતની તમારી તનતોડ મહેનતનો સાક્ષી હોય છે અથવા તો પરીક્ષા પૂર્વેની ગભરામણ વખતે તમને હિંમત આપતો સાથી હોય છે, અને આથી જ તમારી સફળતા તેની સાથે વહેંચવામાં તમને વધુ આનંદ આવશે. તો વળી આવી જ કોઈ પરીક્ષામાં નિષ્ફળતા પ્રાપ્ત કરી હોય તો તેનું આશ્વાસન કારગત સાબિત થાય છે. કારણ તે તમારા દરેક પ્રયત્ન અને પરિશ્રમનો જ્ઞાતા હોવાથી તમારા હૃદયની વ્યથા વધુ સરળતાથી સમજી શકે છે, સાચા અર્થમાં હમદર્દ સાબિત થાય છે, જયારે સગા-સંબંધીના આશ્વાસનમાં પણ આપણને કટાક્ષનો અનુભવ થાય છે. કારણ કે 'બધા સગા વ્હાલા હોતા નથી, અને બધા વ્હાલા સગા હોતા નથી.'

સંબંધો બાંધવા, તેને જાળવવા એ એક કળા છે, સંબંધ આરસી જેવા હોય છે. આ આરસીમાં આ દર્પણમાં આપણે જોઈ શકીએ છીએ આપણી જાતને. આપણે જેવા છીએ તેવું જ દર્શન તેમાં થાય છે. જેમ છે તેમ. આપણે જેવા છીએ તેમાંથી છટકી શકવાના નથી, છતાં આપણે અનેક છટકબારીઓ શોધવાનો પ્રયત્ન કરીએ છીએ, છટકીને જશું ક્યાં? આપણી જાતથી છટકી છટકીને કેટલે જઈ શકવાના?

અસરપરસ હળીમળીને વ્યક્તિ-વ્યક્તિ વચ્ચે તાદાત્મય સાધીને આ માર્ગ પર પગરણ માંડશું તો આ માર્ગ હજારો દીપથી ઝગમગી ઊઠવાનો એ નક્કી છે,વાર છે ફક્ત આપણા કદમ ઉઠાવવાની. મકરંદ દવેની અમર રચના 'ધુળિયો મારગ' ની પંક્તિઓ વાંચીને સમજીને જીવનમાં ઉતારવા જેવી છે.

ધૂળિયે મારગ કૈંક મળે જો આપણા જેવો સાથ,
સુખ દુઃખોની વારતા કેંતા બાથમાં ભીડી બાથ,
માનવી ભાળી અમથું અમથું આપણું ફોરે વ્હાલ,
નોટ કે સિક્કા નાખ નદીમં, ધૂળિયે મારગ ચાલ!

- jayuoza@gmail.com, Mo. 9898046488

# સંશોધક-સાહિત્યકાર અને પત્રકાર ઝવેરચંદ મેઘાણીના આપણે હંમેશા ઋણી રહીશું



**અજવાળું - અજવાળું**
તુષાર જોશી

'અંકલ, અમે જેના પર નવરાત્રિમાં ગરબે ઘુમીએ છીએ એ ગીતોના લેખકો કોણ છે? એલ.જી. એન્જીનિયરિંગની વિદ્યાર્થીની અને સાહિતયમાં રૂચિ ધરાવનાર વિરલે પુછ્યું.'

એની ઉત્કંઠા સાચી હતી. નવરાત્રીમાં વરસોથી ગવાતા ગીતોના ગીતકારો કોણ? આ પ્રશ્નનો જવાબ આપણને લઈ જાય છે. રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી અને તેમના પુસ્તક 'રઢિયાળી રાત' સુધી.

લોકગીતોની શોધમાં નીકળેલા મેઘાણીભાઈએ ગામડા ખૂંદ્યા. ગીતોનું શુદ્ધ ગેય સ્વરુપ મેળવ્યું એની અંદર જે કાવ્ય તત્ત્વ અસલ પડ્યું હોવું જોઈએ તે તપાસવા પોતાની કવિતાની સમજ, કલ્પના અને પોતાની કવિતાની સમજ, કલ્પના અને પોતાની ચાતુરી પણ વાપરી. એ પછી જે અખંડિત સ્વરુપ લાધ્યું તેને પોતાના સંગ્રહોમાં મુક્યું. લોકગીતોનો પરિચય આપવાની પ્રવૃત્તિનું નામું બીજ ઉગીને મોટું વૃક્ષ બન્યું. વીતેલા સમયની આ કાલીઘેલી વાણીમાં આજની યુવા પેઢીને પણ રસ પડ્યો તે આનંદની ઘટના છે.

મહાત્મા ગાંધીએ જેમને રાષ્ટ્રીય શાયરનું બિરુદ આપ્યું એ ઝવેરચંદ મેઘાણી એમના 'રઢિયાળી રાત' પુસ્તકમાં લખે છે. 'રાસગરબો સંઘજીવનની સંપત્તિ છે.'

સુરીલા સંઘજીવનમાંથી ઊઠતા નૃત્ય ધ્વનિની કેવી હતી એ રઢિયાળી રાત? આકાશના ચોકમાં પોતાના કોટિ કોટિ તારલા રૂપી સહિયરોને લઈને જાણે ચંદારાણી રમવા નીકળી હોય! લજ્જાળું ગુજરાતણ કે પ્રગલ્ભા કાઠિયાવાડણનો કંઠ ભેદાતાં ગગનમાં સ્વરોનો ગબારો ચડતો.

લોકગીતોનો પહેલો સંગર્હ 'રઢિયાળી રાત' ના નામે ૧૯૨૫માં પ્રગટ થયો અને ૧૯૪૨માં એનો ચોથો ભાગ બહાર પડ્યો.

એમને લોકગીતોની લગની લગાડી હતી. પોરબંદર બાજુના બરડા પંથકના બગવદર ગામના મેરાણી ઢેલીબહેન સાથેની એમની ૧૯૨૪ની મુલાકાતે. મેઘાણીભાઈ લખે છે.

'એક મેર ઘરની ઓસરીમાં ગ્યાસલેટના દીવાની જયોતે બેસી મેં લોકગીતોના મારા સંશોધનનું મંગલાચરણ કર્યું હતું. એ શુકન કરાવનાર ઢેલીબહેન અને એના પતિ આખો દિવસ ખેતરનું કામ કરીને થાકીને લોથ થયેલા. બહેન ઢેલીએ એક પછી એક ગીતો ગળામાંથી ઠાલવ્યા ને હું ટપકાવતો ગયો. એ ગીતોએ લોકગીતોની સૃષ્ટિ પ્રત્યેનું મારું વલણ નક્કી કરી નાખ્યું.'

ઝવેરચંદ મેઘાણીને કયાં કયાંથી લોકગીતો મળ્યા?

એમના માના ધોળીમાએ એણની યુવા અવસ્થામાં સાંભળેલા - ગાયેલા અનેક પ્રાચીન રાસડા સંભારીને લખાવ્યા.

એક બહુ જાતીનું લોકગીત - 'ઉભી ઊભી ઉગમણે દરબાર... પત્ની દમયંતીબેને પોતાના માસી સાંકળીબેન પાસેથી સાંભળીને ટપકાવી લીધું હતું.' વડીલ મિત્ર અને માર્ગદર્શન એવા હડાયા-બગસરાના દરબાર વાજુસરવાળા પાસેથી મૂલ્યવાન રત્નો સમાન અનેક લોકગીતો પ્રાપ્ત થયા હતા.

સાહિત્યકાર રામનારાયણ વિ.પાઠકે પણ પોતાની સ્મૃતિમાંથી સુંદર રાસડા સૂચવ્યા હતા. અમદાવાદની ગૂજરાત વિદ્યાપીઠના યુવાન વિદ્યાર્થીઓ પાસેથી પણ લોકગીતો - રાસ - ગરબા સાંભળવા મળ્યા હતા.

ભાવનગરના તેમના મિત્ર કપિલભાઈ ઠક્કરના માતા ચોંધીબા તથા પરિવારજનો પાસેતી પણ લોકગીતો સાંભળવા મળ્યા હતા.

રાણપુર સ્થિત 'સૌરાષ્ટ્ર-ફૂલછાપ' પ્રેસના કાર્યાલયમાં કામ કરતા મુસ્લિમ બહેન સારબાઈ અને તેમના પાડોશમાં રહેતી વહોરા ખેડૂત અને મજૂર બહેનો પાસેથી ગીતો સાંભળવા મળ્યા હતા. ૧૯૪૭ના જાન્યુઆરીમાં ઝવેરચંદ મેઘાણી લોકમાતા નર્મદાના તીરે-તીરે પરિભ્રમણ કરીને કબીરવડ અને શુક્લતીર્થની મુલાકાતે પણ ગયેલા. નર્મદામાં નાવ ચલાવતા નિજામા કોમના નાવિકોની વાતો પણ ગીતો પણ તેમને ઉપયોગી થયા. મેઘાણીભાઈ કહેતા કે આ કાર્યમાં 'હું તો માત્ર નિમિત્ત જ બન્યો છું.'

કવિવર રવિન્દ્રનાથ ટાગોરના નિમંત્રણથી ૧૯૪૧માં મેઘાણીભાઈ શાંતિનિકેતન ગયા ત્યારે ત્યાં પણ વાતાવરણ લોકગીતોના ધ્વનિથી છવાઈ ગયું હતું.

લોકસાહિત્ય વિષયના એમના વ્યાખ્યાનોમાં પણ મેઘાણીભાઈ લોકગીતોનું વિશ્લેષણ કરતા જાય અને બુલંદ કંઠે ગીતો પણ ગાય.

ઝવેરચંદ મેઘાણીએ ઢેલીબહેનનું ઋણ સ્વીકારતા તેમને 'મારા લોકગીત પ્રેમની પ્રાણની જનેતા' કહી નવાજયા અને 'રઢિયાળી રાત'નો ચોથો ભાગ તેમને અર્પણ કર્યો.

૧૯૬૭માં વર્ષમાં સંશોધક - લેખક નરોત્તમભાઈ પલાણને આપેલા ઈન્ટરવ્યુમાં ૯૦ વર્ષની ઉંમરે સંસ્મરણો યાદ કરીને ઢેલીબહેને કહ્યું હતું, 'મને બધાં ગીતો બહુ યાદ છે એવું સાંભળીને મેઘાણીભાઈ એક દિવસ મારી પાસે આવ્યા. એમને જે ગીતો જોતાં'તા એની અર્ધી કડીઓ પોતે બોલે ને હું આખું ગીત પૂરું કરી દઉં.'

નવરાત્રિમાં ગવાતા અને આજે પણ લોકહૈયે કાયમ સચવાયેલા આ લોકગીતો પૈકીના કેટલાકના મુખડા યાદ કરીએ. અમે મૈયરા રે ગોકુળ ગામના, આભમાં ઝીણી ઝબૂકે વીજળી રે, એક વણજારી ઝીલણ ઝીલતી'તી, ચાંદો ઊગ્યો ચોકમાં ઘાયલ, જોડે રહેજો રાજ, ઝૂલણ મોરલી વાગી રે રાજાના કુંવર, વા વાયાને વાદળ ઉમટ્યા, શરદપૂમનની રાતડી રંગ ડોલરિયો... આખી રાત સાંભળો ને તોય એની મસ્ત ને કેફ બરકરાર રહે એવા આ મીટા મધુરા લોકગીતો આપણા સુધી પહોંચાડનારા ઝવેરચંદ મેઘાણીને શત્ શત્ વંદન.



કયારે આવે નોરતા
હું જોતી'તી વાટ રે
આવ્યા મા ના નોરતા...

આ અને આવા ગરબા ગુંજે છે વાતાવરણમાં... નવરાત્રિના દિવસો છે. ગુજરાતની ઓળખ બની ગયેલી ગરબાની જયોત અજવાલા રેલાવી રહી છે અને ચારેકોર મચી છે ગરબાની ધૂમ.

લોકગીતોને ઘર ઘર સુધી પહોંચાડવાનું કામ કરનાર સંશોધક-સાહિત્યકાર અને પત્રકાર ઝવેરચંદ મેઘાણીના આપણે હંમેશા ઋણી રહીશું. જેમણે અથાક્ પરિશ્રમ કરીને આવા મધમીઠા લોકગીતોનો સંગ્રહ કરી આપણા સુધી પહોંચાડ્યો.હવે તો અલબગ ગુજરાતી કાવ્ય સંગીતના ગરબાઓ ખુબ ગવાય છે. નવરાત્રિમાં, એ પરિવર્તન પણ આવકારકાયદ છે જ.

લોકગીતોમાં વહેલી પરોઢથી લઈને રાત્રી સુધીના માનવજીવનની ઘટનાઓના સંવેદનો ઝીલાયા છે અને આવા લોકગીતો આજે મહાનગરોના બાળકઓ પણ ગાય ત્યારે અજવાળા રેલાય છે.

**તેજપુંજ :**

લોકગીતો માત્ર શુષ્ક ગ્રામિણ જોડકણા નથી પણ લોક-આત્માનું અંતરતમ સૌંદર્ય ઝીલનારી કાવ્ય કૃતિઓ છે.

**- ઝવેરચંદ મેઘાણી**